# અરવલ્લી જિલ્લા પોલીસે શામળાજીમાં દારૂ ચોરનાર આંતરરાજ્ય જોગી-કાલબેલિયા ગેંગના સભ્યો ઝડપ્યા

## અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ૪૭ ગુન્હાનો ભેદ ઉકેલાયો, રાજસ્થાનમાં પણ ૧૩ ઘરફોડ ચોરીના ગુન્હામાં આ ગેંગ સામેલ : ગેંગના અન્ય સભ્ય પકડવાના બાકી

શામળાજી, તા. ૭
અરવલ્લી જીલ્લાના શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં રહેલા કન્ટેનરમાંથી ૭.૭૫ લાખનો વિદેશી દારૂના જથ્થાની ચોરી થતા



જીલ્લા પોલીસતંત્રના માથે માછલાં ધોવાયા હતા અને વિદેશી દારૂ ચોરી પ્રકરણમાં એક પીએસઆઈ અને ૨ કોન્સ્ટેબલને ફરજમુક્ત કરવામાં આવ્યા હતા. ગુન્હાની ગંભીરતા સમજી રેન્જ આઈજી મયંકસિંહ પણ શામળાજી પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. જીલ્લાના નવનિયુક્ત એસપી મયુર પાટીલે શામળાજી પોલીસ સ્ટેશનમાંથી ચોરાયેલ વિદેશી દારૂની ઘટનાને અંજામ આપનાર શખ્સોને દબોચી લેવા તેમના માર્ગદર્શન હેઠળ જિલ્લાની એલસીબી પોલીસને તપાસ સોંપતા જીલ્લા એલસીબી પોલીસે બાતમીને આધારે શામળાજી આશ્રમ ચોકડી પાસેથી અરવલ્લી-સાબરકાંઠામાં ઘરફોડ ચોરીનો મુદ્દામાલ મોડાસા સોનીને ત્યાં વેચવા આવતા અલ્ટો કાર સાથે તથા ટાટા ડાલા સાથે ચોરીના મુદ્દામાલ સાથે જોગી-કાલબેલિયા આંતરરાજ્ય ગેંગના ૪ શખ્સોને ઝડપી પાડ્યા હતા અને ઘરફોડ ચોરીના સોના ચાંદીના દાગીના અને બે મૂર્તિ સાથે ૭.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ગેંગમાં સંકળાયેલ અન્ય સભ્યોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ૪૭ ઘરફોડ ચોરી કરનાર અને રાજસ્થાનમાં ૧૩ ગુન્હામાં સંકળાયેલ અને શામળાજી પોલીસ સ્ટેશનના હદમાંથી કન્ટેનરમાં રાખેલો વિદેશી દારૂની ચોરી આચરી પોલીસતંત્રને પડકાર આપનાર ઘરફોડિયા જોગી-કાલબેલિયા ગેંગના સભ્યોને ઝડપી પાડવામાં જીલ્લા એલસીબી પી.આઈ એન.કે. રબારી અને તેમની ટીમને સફળતા મળી હતી. આરોપીઓ પાસેથી ગણપતિદાદા અને ક્રિષ્ન ભગવાનની મૂર્તિ, સોનાના દાગીના ૫૦ ગ્રામ, ચાંદીના દાગીના ૪ કિલો અને નાના મોટા પાણીના નળ, અલ્ટો કાર અને ટેમ્પો મળી કુલ રૂપિયા ૭૩૪૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ગેંગના ચાર સભ્યોને ઝડપી પાડી ગેંગમાં સંકળાયેલા અન્ય શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### જિલ્લા એલસીબી પોલીસ ઝડપેલ ચાર આરોપી

(૧) મદનનાથ ઉર્ફે ગડેદી સોવનનાથ જોગી (રહે. ગોરધન વિલાસ, કચ્ચી બસ્તિ, ઉદેપુર, રાજસ્થાન
(૨) જગદીશનાથ નાનાનાથ જોગી (રહે. ખેરવાડા, જોતરી ઘાંટા, રાજસ્થાન)
(૩) કાલુનાથ ભેરૂનાથ જોગી (રહે. મલતતલાઈ, ઉદેપુર, રાજસ્થાન)
(૪) ભેરૂનાથ અમરનાથ જોગી (રહે. બડલા, ખેરવાડા, રાજસ્થાન)

## તલોદ બ્રહ્મસમાજની દ્વિતીય સામાન્ય સભા સોમવારે મળશે

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદનગર વિસ્તારના બ્રહ્મ પરિવારોના બનેલા સંગઠન એવા 'તલોદ બ્રહ્મસમાજ'ની એક સામાન્ય સભા આગામી તા. ૧૦-૯-૧૮ સોમવારે સાંજે ૫ કલાકે શ્રી એકલિંગેશ્વર મહાદેવ પરિસર તલોદ ખાતે મળનાર છે.

તલોદ બ્રહ્મસમાજના પ્રમુખ જીતુભાઈ ત્રિવેદી અને મંત્રી ભાર્ગવ વ્યાસે જણાવ્યા અનુસાર આ સભામાં સમાજના ધો. ૧૦ અને ૧૨ની ગત પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તિર્ણ થયેલા તેજસ્વી તારલાઓને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. તેમજ કારોબારી સદસ્ય અને હોદ્દેદારોની આગામી સમયગાળા માટે વરણી કરવામાં આવશે. સભાને અંતે સામુહિક બ્રહ્મભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



## પ્રાંતિજમાં પાસ કન્વિનર દ્વારા ચડ્ડી બંડી પહેરીને અનોખો વિરોધ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાસ કન્વિનર દ્વારા સરકાર સામે રોષ ઠાલવીને અનોખો વિરોધ કર્યો હતો. પ્રાંતિજ ખાતે પાસ કન્વિનર અનીલ પટેલ દ્વારા આજે ધારાસભ્ય અને સંસદ સભ્ય ફોન કરતાં યોગ્ય જવાબ ના મળતાં પાસ કન્વીનર દ્વારા પ્રાંતિજ શહેરમાં ચડ્ડી બનીયાન પહેરી જય સરદારના નારા સાથે પ્રાંતિજ બજારમાં નિકળી સરકારે અમારા કપડાં ઉતારી નાખ્યાંના અનોખો વિરોધ કરી સરકારને જે કરવું હોય તે કરી લે અમે અમારી માંગણીઓને લઈને આંદોલન ચાલું રાખીશું જ્યારે પ્રાંતિજ પોલીસને જાણ થતાં ભાખરીયા બસ સ્ટેન્ડ પાસેથી ચડ્ડી બનીયાન પહેરેલ પાસ કન્વિનર અનીલ પટેલની અટકાયત કરી હતી.

# ટ્રાફિક નિયમનના નામે પોલીસની દબંગગિરી

## પાલનપુરમાં મોડી સાંજે ૨૦થી વધુ વાહનોના ટાયરમાંથી હવા કાઢતા રોષ

પાલનપુરમાં વકરતી જતી ટ્રાફિક ની સમસ્યા હલ કરવામાં



નિષ્ફળ નિવડેલી પોલીસ દ્વારા દબંગગીરી શરૂ કરવામાં હોવાની રાવ ઉઠી છે. દિવસભર ન ડોકાતી પોલીસે ગત મોડી સાંજે કિર્તિસ્તંભ વિસ્તારમાં રોડની સાઈડમાં પાર્ક કરેલા ૨૦થી વધુ વાહનોના ટાયરમાંથી હવા કાઢી નાંખતા ઘરે જવાના સમયે મુશ્કેલીમાં મુકાયેલા વાહન ચાલકોમાં ભારે રોષ ફેલાયો હતો.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં શોપિંગ સેન્ટરોમાં વાહન પાર્ક કરવા માટે કોઈ સુવિધા નથી. નવા શોપિંગો પૈકી કેટલાકમાં પાર્કિંગ માટે નાણાં પડાવવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વિકટ બનેલી ટ્રાફિક સમસ્યાને નાથવામાં નિષ્ફળ નિવડેલી પોલીસ દ્વારા રીતસરની દબંગગીરી શરૂ કરવામાં આવી છે. જયાં આખો દિવસ ટ્રાફિકજામ થાય ત્યારે દેખવા પણ આવતી પોલીસ સાંજના સુમારે હાથમાં ડંડા લઈને નીકળી પડે છે. અને વાહનોના ટાયરમાંથી હવા કાઢી રહી છે. ગુરૂવારે સાંજે શહેરના કિર્તિસ્તંભ વિસ્તારમાં રોડની સાઈડમાં પાર્ક કરેલા વાહનોની હવા કાઢી નાખી હતી. બીજી તરફ આ સમયે ટાયર પંકચરની દુકાનો પણ બંધ થઈ ગઈ હોવાથી ઘરે જવાના સમયે જ વાહન ચાલકો ભારે મુસ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા.

## પાલનપુરમાં તલાટી મંડળ દ્વારા પડતર પશ્નોને લઇ આવેદનપત્ર અપાયુ

બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળ દ્વારા વિવિધ પ્રશ્નો ને લઈ આજરોજ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી તલાટીઓના પડતર પ્રશ્નોનો નિકાલ લાવવા રજૂઆત કરવાકમા આવી હતી.જેમાં મોટી સંખ્યામાં તલાટીઓ હાજર રહ્યા હતા.

ગુજરાત રાજ્ય તલાટી મહામંડળ દ્વારા સરકાર સમક્ષ ગ્રેડ પે,રેવન્યુ કામગીરથી અળગા રાખવા,તલાટી કમ મંત્રીના પ્રમોસન તેમજ ૨૦૦૪માં થયેલી ભરતીની સળંગ સેવાઓ ગણવી સહીતના મુદ્દાઓને લઈ રજુઆત કરવામાં આવી હતી.પરંતુ સરકાર દ્વારા ઓરમાયુ વર્તન કરી તાલટીઓની માગણીઓ ન સંતોષવામાં આવતા તાજેતરમાં અંબાજી મુકામે તાલાટી રાજ્ય મહામંડળની બેઠક યોજાઈ હતી.જેમાં તલાટી કમ મંત્રીના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આવેદન પત્ર આપી રજુઆત કરવાનો નિર્ણય કરવામાં આવતા આજરોજ બનાસકાંઠા જિલ્લાના તલાટી મંડળ દ્વારા વિવિધ પ્રશ્નો ને લઈ કલેકટર,ડીડીઓ તેમજ એસપી કચેરી એ આવેદન પ્રત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં ટલાટીઓ હાજર રહ્યા હતા.

# તલોદમાં હાર્દિકના સમર્થનમાં ઉગ્ર દેખાવો

તલોદ, તા. ૭
સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ડઝનબંધ ગામોમાં હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને ભારે



સમર્થન સાંપડી રહ્યું છે. જે અન્વયે આજે તલોદ તાલુકાના સંખ્યાબંધ ગામોના પાટીદારોએ એકઠા થઈ સલાટપુર ખાતેના ઉમાધામ સંકુલમાં હાર્દિકને સમર્થન પુરૂ પાડવા અને સરકારના બહેરા કાને પાટીદાર અનામત આંદોલનનો તથા ખેડૂતોના દેવા માફીનો રણટંકાર પહોંચાડવા ભારે આક્રોશ સાથેના દેખાવો કર્યા હતા. અહીં પાટીદાર સમાજની સેંકડો મહિલાઓ ઉમટી પડી હતી. જેઓએ રામધૂન કરી મા ઉમીયાને હાર્દિકની તંદુરસ્તી માટે પ્રાર્થના કરી, થાળી-વેલણ ખખડાવી અંતે સરકાર અને નરેન્દ્ર મોદીની હાય હાય બોલાવી છાતીઓ કુટી હતી.

તલોદ તાલુકાના સલાટપુર, ખેરોલ, વક્તાપુર, તોરણીયા, ઊજેડીયા, જવાનપુર તથા પાટનાકૂવા અને ઊદણ વગેરે ગામોની પાટીદાર મહિલાઓ આજે તલોદ પંથકના ઉમાધામમાં ઉમટી પડી હતી. જેઓએ સમાજના આગેવાનોના મંતવ્યો અને પ્રવચનો સાંભળ્યા હતા. રામધૂન અને હાર્દિક પટેલને લગતા ભજનની રમઝટ બોલાવી હતી બાદ 'પાટીદાર એકતા ઝિંદાબાદ, જય સરદાર જય પાટીદાર અને હાર્દિક તુમ આગે બઢો... હમ તુમ્હારે સાથ હૈ'ના નારા લગાવ્યા હતા. આ મહીલાઓના પ્રચંડ વાવાઝોડા જેવા આવેગમાં સરકાર અને નરેન્દ્ર મોદીની હાય કુટાતી જોવા મળી હતી. જેઓએ થાળી-વેલણનો પ્રચંડ નાદ કર્યો હતો.

પાટીદાર આગેવાનોએ સમગ્ર સમાજના સહકાર થકી આંદોલનને વેગ મળશે... લડતમાં વિજય થશે... અને સરકાર અચૂક ઝુકશે જ તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

## પાલનપુરમાં ઈન્ડિયન બેંકમાં ચોરી

પાલનપુર શહેરના ગોબરીરોડ પર આવેલી ઈન્ડિયન બેંકના એરકન્ડીશનનું કમ્પ્રેશર તેમજ એલ્યુમિનિયમના વાયર સહિત રૂપિયા ૨૫૦૦૦ના મુદ્દામાલની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પાલનપુર શહેરના ગઠામણ દરવાજાથી ગોબરીરોડ પાસે ઈન્ડિયા બેંકની શાખા આવેલી છે. આ બેંકના એરકન્ડિશનનું રૂપિયા ૨૦,૦૦૦નું કમ્પ્રેશર તેમજ રૂપિયા પાંચ હજારનો એલ્યુમિનિયમનો વાયર મળી કુલ રૂપિયા ૨૫૦૦૦ના મુદ્દામાલની અજાણ્યા શખ્સે ચોરી કરી હતી.

આ અંગે બેંકના અધિકારી કપિલદેવ શ્રીરામ મીનાએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો વધુ તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા વાહનની ટક્કરે પદયાત્રીનુ મોત

ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનાગર ચાર રસ્તા પર અંબાજી જતા પદયાત્રી ને અજાણ્યા વાહને ટક્કર મારતા ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

નડિયાદ ગામના અનામિકા પગપાળા સંઘ છેલ્લા ૨૦ વર્ષથી ભાદરવામા અંબાજી દર્શનાર્થે પગપાળ જાય છે આ વર્ષે પણ સંઘ મા ૨૭ લોકો સાથે નીકળ્યા હતા જે ખેડબ્રહ્માના શ્યામનાગર પાસે પસાર થતા હતા. ત્યારે વડાલી તરફથી આવતી કારે વૃદ્ધ પદયાત્રી રાજેશભાઈ હરમનભાઈ કાછીયા પટેલ ૬૫ વર્ષને પાછળથી ટક્કર મારતા પડયાત્રી હવામાં ઉછળી નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મરણ ગયા હતા.

# ડીસાનો વેપારી બન્યો પોલીસની દબંગાઈનો ભોગ

## પાલનપુર પશ્ચિમ પોલીસે ઢોર માર માર્યો હોવાની રાવ : કલેક્ટરને કરાઈ રજુઆત : ન્યાય નહીં મળે તો આત્મવિલોપનની ચીમકી

પાલનપુર શહેરમાં વકરતી જતી ટ્રાફિક સમસ્યાને નાથવામાં નાકામ રહેલી પોલીસ હવે દબંગાઈ પર ઉતરી આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ડીસાના વેપારીને પોલીસે ઢોર માર માર્યો હોવાની રાવ વચ્ચે ન્યાય નહીં મળે તો વેપારીએ આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે.

ડીસાના વિમલ રત્ન સાપ્તાહિકના મેંનેજિંગ તંત્રી અને વેપારી દિપક હર્ષદભાઈ સોની પાલનપુર હાઈવે પર એમ.એ.માસ્ટરના સીએનજી પંપ પર ગેસ ભરાવવા આવ્યા હતા. જ્યાં તેઓને ખાખી વર્દીનો કડવો અનુભવ થયો હતો. પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ચૌધરી સહિતના કોન્સ્ટેબલોએ તેમને ઢોર માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત યુવકને સારવાર લેવાની ફરજ પડી હોવાના આક્ષેપો પીડિત વેપારીએ કર્યા હતા. પીડિત વેપારીએ પોલીસના કથિત કરતૂતોને ઉજાગર કરતા હાઈવે પરના સીએનજી પંપના સીસીટીવી ફૂટેજની તપાસ કરવાની માંગ કરી હતી. પીડિત વેપારીએ કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી છે. અને ન્યાય નહીં મળે તો આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## શામળાજી પોલીસે ટેમ્પો ટ્રકમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી પીએસઆઈ એ.જે. ચૌહાણ અને તેમની ટીમે વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ટેમ્પો (ગાડી.નં. યુપી.૧૭.સી.૩૪૮૬)ને અટકાવી તલાશી લેતા ટ્રકમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વેસ્ટ કાપડના ટુકડા ભરેલ પ્લાસ્ટિક બેગની આડમાં સંતાડીને લવાતો દારૂની બોટલ નંગ-૫૯૧૬ કિં. રૂ.૨૩૬૬૪૦૦ જથ્થો જપ્ત કરી કૃષ્ણ જનકરાજ આર્ય અને ગોવિંદ ગોપાલચંદ્ર ચૌધરી (રહે. બંને ગોપાલ કોલોની પાણીપત, હરિયાણા)ની ધરપકડ કરી ટેમ્પોની કિં. રૂ. ૭૦૦૦૦૦ તથા મોબાઈલ, તાડપત્રી નંગ-૧ કી. રૂ. ૧૫૦૦ મળી કુલ રૂ. ૩૦૬૭૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર અન્ય પ્રધાનજી નામના શખ્સ વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર પ્રધાનજી નામના શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## પાલનપુરના કમાલપુરા વિસ્તારમાંથી છ જુગારીયા ઝડપાયા

પાલનપુર શહેરના કમાલપુરા વાણીયાવાસ વિસ્તારમાંથી પોલીસે જુગાર રમતાં છ જુગારીયાઓને રૂ. ૧૫૨૮૦ના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લીધા હતા. પાલનપુર શહેર પૂર્વ પોલીસે મળેલી બાતમીના આધારે કમાલપુરા વિસ્તારમાં આવેલા વાણીયાવાસમાં રેડ કરી હતી. જ્યાં મકાન બંધ કરીને જુગાર જુગાર રમતા છ શખ્સો ઝડપાયા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૧૧૨૮૦ તેમજ રૂપિયા ૪૦૦૦ના મોબાઈલ ફોન નંગ ચાર મળી કુલ રૂ. ૧૫૨૮૦નો મુદ્દામાલ કબ્જે લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસાની સબ જેલ તોડી ફરાર થયા બાદ નાસતો ફરતો રીઢો આરોપી ઝડપાયો

ડીસા ઉત્તર પોલીસે અનેક ગુનામાં સંડોવાયેલ એક રીઢા ગુનેગારને ઝડપી લઈ જેલના હવાલે કરી દીધો છે. બાઈક ચોરી અને ડીસાની સબ જેલ તોડવા સહિતના અનેક ગુનાઓમાં સંડોવાયેલો આ આરોપી દસ જેટલા બાઈકની ચોરીઓની ઘટનાઓને અંજામ આપી ચુક્યો છે.

ડીસા ઉત્તર પોલીસ મથકના પી.આઈ. જે.એન. ખાંટ સહિત પોલીસની ટીમે ગત જન્માષ્ટમીના દિવસે ડીસા ખાતે યોજાયેલ શોભાયાત્રા દરમિયાન બંદોબસ્તમાં હતા એ વખતે આ શોભાયાત્રામાં શકમંદ હાલતમાં ફરતા એક શખ્સને ઝડપી લઈ પૂછપરછ કરતા મૂળ ભીલડી નજીકના મોટી ઘરનાળ ગામનો મહેશગીરી દસરથગીરી ગોસ્વામી નામનો આ શખ્સે અલગ અલગ સ્થળેથી દસથી વધુ બાઈકની ચોરી કરવા ઉપરાંત આ શખ્સ ડીસા ઉત્તર પોલિસ મથક નજીક આવેલ સબ જેલ તોડી ચાર ગુનેગાર કેદીઓ સાથે ફરાર થઈ જઈ નાસતો ફરતો હોવાની વિગતો પણ બહાર આવી છે.મહેશગિરી અનેક ગુનાઓમાં સંડોવાયેલ હોઈ ઉતર પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગી તપાસ શરૂ કરી છે.

# તલોદના ઉજેડીયાના લોકમેળામાં નજીવી બાબતે ખોટી તકરાર

તલોદ, તા. ૭
સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ઉજેડીયા ગામના શ્રી વૈજનાથ મહાદેવ ખાતે જન્માષ્ટમીના દિવસે ભરાયેલા લોકમેળામાં નાની અમથી બાબતે જ થયેલ તકરારમાં જશાજીની મુવાડીના ૫ ઈસમોએ મળી ઉજેડીયા ગામના બાઈકચાલક યુવાન ઉપર હુમલો કરી ગડદાપાટુનો માર મારી, તકરાર કરી હતી. જેમાં એક યુવાને ઉજેડીયા ગામના યુવાનના માથામાં લોખંડની પાઈપનો ઘા ઝીંકી દેતા તેને તત્કાળ દાક્તરી સારવાર માટે ખસેડવાની ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવા પામી છે.



ઉજેડીયા ગામના નરેન્દ્રસિંહ જીન્દુસિંહ ઝાલાનાઓએ નોંધાવેલ ફરિયાદ અન્વયેની વિગત એવી છે કે તેઓ તા. ૩-૯-૧૮ના રોજ ગામના વૈજનાથ મહાદેવ ખાતેના આઠમના મેળામાં બાઈક લઈને ગયા હતા. ત્યારે તેઓના બાઈકની આગળ ચાલતા જશાજીની મુવાડી ગામના યુવાનોએ 'તું બાઈકનું હોર્ન કેમ મારે છે' તેમ કહી તકરાર આદરી હતી. ત્યારે વિક્રમસિંહ ઝાલા, સંજયસિંહ ઝાલા, પ્રજ્ઞેશસિંહ ઝાલા, ચિરાગસિંહ ઝાલા અને આકાશસિંહ ઝાલાનાઓ ઊજેડીયાના નરેન્દ્રસિંહ તરફ ધસી ગયા હતા. જ્યાં વિક્રમસિંહે ફેંટ પકડી હતી. જેનો વિરોધ કરતાં ગાળાગાળીનો માહોલ ઉદ્ભવ્યો હતો અને ગડદાપાટુનો માર પણ નરેન્દ્રસિંહને માર્યો હતો.

આ તકરારની બૂમરાણ મચી જતાં ગામના વનરાજસિંહ ઝાલા તથા શૈલેષસિંહ ઝાલા નરેન્દ્રને છોડાવવા દોડી પહોંચ્યા હતા. જેઓ વચ્ચે પડતાં જ વિક્રમસિંહએ લોખંડનો પાઈપનો જોરદાર ઘા વનરાજસિંહ હાલુસિંહ ઝાલાના માથામાં ઝીંકી દીધો હતો. જ્યાં વનરાજસિંહ ભારે ઈજાનો ભોગ બન્યા હતા. ઘટનાસ્થળે દેકારો મચી જતાં લોકટોળાં ઘટનાસ્થળે દોડી પહોંચતાં આરોપી ઈસમો ભાગી છૂટ્યા હતા.જેઓએ જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

ઈજાગ્રસ્ત વનરાજસિંહને તત્કાળ તલોદ હોસ્પિટલમાં અને ત્યાંથી હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સિટી સ્કેન સહિતની સારવાર માટે મોકલી આપીને પોલીસે પંથકમાં શાંતિ અને સલામતીનો માહોલ જળવાઈ રહે તેવા પગલાં લીધાં હતાં.

# વરસાદી પાણીના નિકાલ મુદ્દે વેડંચામાં જુથ અથડામણ

પાલનપુર તાલુકાના વેડંચા ગામ ખાતે વરસાદી પાણીનો નિકાલ મુદ્દે જૂથ અથડામણ થઈ હતી. જેમાં બંને પક્ષના ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે સામસામે ૧૩ વ્યકિતઓ ઉપર ફરિયાદ થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર તાલુકાના વેડંચા ગામ માં જૂથ અથડામણ થઈ હતી. વરસાદી પાણીના નિકાલ અને માર્ગમાં પડેલી પાણીની ગઢીઓ ખસેડવા માટે ઠાકોર પરિવારના બે જુથો વચ્ચે અથડામણ થવા પામી હતી. જેમાં તલવાર, પાવડા, કુહાડી, લાકડી અને ધોકા જેવા હથિયારોથી હૂમલો થતાં ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ અંગે રાકેશજી પ્રતાપજી ઠાકોરે સામાપક્ષના પ્રતાપજી દેવાજી ઠાકોર, રમેશજી હમીરજી ઠાકોર, મુકેશજી પ્રતાપજી ઠાકોર, ઈશ્વરજી દેવાજી ઠાકોર, શારદાબેન ઠાકોર, રાકેશજી પ્રતાપજી ઠાકોર સામે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામાપક્ષના રાકેશજી પ્રતાપજી ઠાકોરે કપુરજી ઠાકોર, મુકેશજી ઠાકોર, મથુરજી ઠાકોર, સંજયજી ઠાકોર, મહેશજી ઠાકોર, નરેશજી ઠાકોર સામે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિત્રાસણી ગામના ૨૦ વર્ષીય યુવકનો આપઘાત

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામના એક ૨૦ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી હતી. ચિત્રાસણી ગામની પ્રાથમિક શાળાના પ્રાંગણમાં લીમડાના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ ૨૦ વર્ષીય યુવકે આપઘાત કર્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, અક્ષયકુમાર ગોવિંદભાઈ રાવળ નામના ૨૦ વર્ષીય યુવકે આપઘાત કરી લેતાં તેના મૃતદેહનું પીએમ કરવામાં આવ્યું હતુ.